<u>જાહેરનામું</u>

<u>ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩(૧૯૭૪ ના નં.૨) ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ હુકમ</u>

<u>નંબર : વિ.શા./જાહેરનામું/એ-સેકશન/પરમીટ/૨૨૬/૨૦૧૯</u>

અમદાવાદ મહાનગર પાલિકાની પેટા ચુંટણી તા.૨૨/૧૦/૨૦૧૯ અન્વયે રાજયના ચુંટણીપંચ અને કલેકટર અને જિલ્લા મેજીસ્ટ્રેટશ્રીની કચેરી અમદાવાદના તા.૨૪.૦૯.૨૦૧૯ ના સુચના પત્ર દ્વારા આદેશો બહાર પાડવામાં આવેલ છે.જે મુજબ ત્રણથી વધુ કાર/વાહનોને સુરક્ષા (CONVOY) કાફલા રૂપે જવા દેવા પર પ્રતિબંધ ફરમાવવાનું મુકત અને ન્યાયી વાતાવરણમાં ચુંટણી થાય તે માટે જરૂરી જણાય છે.

હું એ.કે.સિંઘ,પોલીસ કમિશ્નર, અમદાવાદ શહેર ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ ના નં.૨) ની કલમ-૧૪૪ થી મને મળેલ અધિકારની રૂએ નીચે પ્રમાણે ફરમાવું છું.

(૧) ચુંટણી પંચના પ્રવર્તમાન આદેશ મુજબ નક્કી થયેલ આચાર સંહિતાનો અમલ ચુસ્તપણે થાય તે ઉદેશથી કોઈપણ રાજકીય પક્ષ કે ચુંટણીના ઉમેદવારો સીધી કે આડકતરી રીતે સંકળાયેલ અન્ય કોઈપણ વ્યક્તિ ઉપર જણાવેલ વિગતે ત્રણથી વધુ વાહનોના બનેલ કાફલામાં કાર/વાહનમાં જવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

(૨) વાહનોનો અર્થ,પરીવહનના હેતુ માટે ઉપયોગમાં લઈ શકાય તેવા યંત્ર શકિતથી કે અન્ય રીતે ચાલતાં કોઈપણ પ્રકારના વાહનનો સમાવેશ થાય છે.

(૩) આ હુકમ અમદાવાદ શહેર પોલીસ કમિશ્નરશ્રીની હકુમત હેઠળ આવતાં ૩૫- બહેરામપુરા વોર્ડ વિસ્તારને લાગું પડશે.

(૪) આ હુકમનો ભંગ કરનાર શખ્સ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

<u>આ હુકમમાં નીચે મુજબ અપવાદ છે.</u>

માત્ર પ્રધાનમંત્રીશ્રી અને એવી રાજકીય વ્યકિતઓ તેમજ મહાનુભાવો જ અપવાદ રૂપ રહેશે કે જેમને ઉગ્રવાદીઓ, ત્રાસવાદી પ્રવૃત્તિઓ કરતી સંસ્થાઓ દ્વારા જાનથી મારી નાંખવાની ધમકીઓ આપવામાં આવેલી હોય, તેના સંદર્ભમાં ઉચ્ચ દરજ્જાની સલામતી વ્યવસ્થાની જરૂરીયાત હોય તેવી વ્યક્તિ.

આ હુકમ તા.૩૦.૦૯.૨૦૧૯ કલાક ૧૭.૦૦ થી તા.૧૪/૧૦/૨૦૧૯ કલાક ૨૪.૦૦ સુધી અમલમાં રહેશે.

આજ તારીખ૩૦માહે સપ્ટેમ્બર સને ૨૦૧૯ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યા.

(એ.કે.સિંઘ)
પોલીસ કમિશ્નર
અમદાવાદ શહેર.

<u>નકલ સવિનય રવાના:-</u>

(૧) અધિક મુખ્ય સચિવશ્રી, ગુજરાત રાજય, ગૃહ વિભાગ, ગાંધીનગર.
(૨) પોલીસ મહાનિદેશક અને મુ.પો.અધિ.શ્રી ગુ.રા.ગાંધીનગર.
(૩) અધિક પો.મહાનિદેશકશ્રી (ઈન્ટે.) ગુ.રા.ગાંધીનગર.
(૪) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર.
(૫) કલેકટરશ્રી અમદવાદ/જીલ્લા ચુંટણી અધિકારી અમદાવાદ શહેર.
(૬) નિયામકશ્રી માહીતી ખાતુ ગુ.રા.ગાંધીનગર.
(૭) રજીસ્ટ્રારશ્રી હાઈકોર્ટ મીરજાપુર અમદાવાદ શહેર.
(૮) રજીસ્ટ્રારશ્રી સિવીલ અને સેશન્સ કોર્ટ અમદાવાદ શહેર.
(૯) રજીસ્ટ્રારશ્રી સેશન્સ કોર્ટ મીરજાપુર અમદાવાદ શહેર.